# શણગાલ જિલ્લા પંચાયતની પેટા ચૂંટણી જીતવા ભાજપ-કોંગ્રેસનું એડીચોટીનું જોર

## ભાજપા-કોંગ્રેસ દ્વારા ડોર ટુ ડોર પ્રચાર : બાઈક રેલી દ્વારા મતદારોને રીઝવવા પ્રયાસો

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લા પંચાયતની સત્તા પક્ષ તરીકે કોંગ્રેસ વહીવટ કરી રહી છે. અગાઉ યોજાયેલી



સ્વરાજ્યની ચૂંટણીમાં શણગાલ જિલ્લા પંચાયત સીટ પર ભાજપાના ઉમેદવાર માવજીભાઈ ડામોરનો જવલંત વિજય થયો હતો. પરંતુ જીતેલા માવજીભાઈ ડામોરના આકસ્મિક અવસાનથી ખાલી પડેલી જિલ્લા પંચાયત શણગાલની પેટા ચૂંટણીનું મતદાન આવતીકાલે ૧૦ જુલાઈએ યોજાનાર છે ત્યારે ભાજપા અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે સીધા ચૂંટણીજંગમાં વિજય મેળવવા બન્ને પક્ષો દ્વારા એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે.

અરવલ્લી જિલ્લા પંચાયતની આગામી ૧૦ જુલાઈએ યોજાનાર શણગાલ બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપા અને કોગ્રેસના ઉમેદવાર વચ્ચે સીધો ચૂંટણીજંગ હોવાથી બન્ને રાજકીય પક્ષોની પ્રતિષ્ઠા દાવ પર લાગી છે. આ બેઠક આદિવાસી અનામત બેઠક છે અને આ બેઠક ઉપર ગત જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી સમયે જીતેલા માવજીભાઈ ડામોરના અવસાનથી પેટા ચૂંટણીનું મતદાન આવતીકાલે ૧૦ જુલાઈએ યોજાનાર છે. રેલ્લાવાડા, શણગાલ, ગેડ, ઈસરી અને પાણીબાર તાલુકા પંચાયતની પાંચ બેઠકો આ શણગાલ જિલ્લા પંચાયતની બેઠકમાં આવે છે. આ બેઠકમાં ભાજપાના ઉમેદવાર અને નિવૃત્ત બેંક મેનેજર ઈટવા ગામના રહીશ પ્રવિણભાઈ કબાભાઈ મેણાત અને કોંગ્રેસના ઉમેદવાર જયંતિભાઈ અસારીને જીતાડવા બન્ને પક્ષના અરવલ્લી જિલ્લાના રાજકીય



અગ્રણીઓએ એડી ચોટીનું જોર લગાવ્યું હતું. પ્રચારના પડઘમ શાંત થાય તે પહેલા ભાજપા દ્વારા શણગાલ જિલ્લા પંચાયત સીટ પર બાઈકરેલી, ખાટલા પરીષદ અને ઘરે ઘરે પરિવારોની મુલાકાત લઈ મતદારોને રીઝવવા પ્રયાસ હાથ ધર્યા છે. શણગાલ જિલ્લા પંચાયત સીટ પર અરવલ્લી-સાબરકાંઠાના સાંસદ દિપસીંહ, જિલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભી, જિલ્લા પંચાયતના જીતેલા ઉમેદવાર, તાલુકા પંચાયતના તમામ ઉમેદવારો, ભાજપા યુવા મોરચો, મહિલા મોરચો તેમજ ભાજપાના કાર્યકરોએ શણગાલ જિલ્લા પંચાયતની સીટમાં શણગાલ જિલ્લા પંચાયત સીટ ખૂંદી નાખી છે. બીજીબાજુ કોંગ્રેસ પક્ષ દ્વારા ભિલોડાના ધારાસભ્ય અનિલ જોષીયારા, જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી, જિલ્લા પંચાયત જીતેલા ઉમેદવાર તેમજ તાલુકા પંચાયતના ઉમેદવારો, તાલુકા પંચાયતના ઉમેદવારો સહિત કોંગ્રેસના યુવા કાર્યકરોની પાંખ દ્વારા મળેલ હારનો બદલો લેવા ઉત્સુક છે. શણગાલ જિલ્લા પંચાયતની પેટાચૂંટણીમાં પ્રચાર પડઘમ શાંત થતા બન્ને પક્ષો દ્વારા મતદારોને રીઝવવા ખાટલા પરીષદ યોજી વિવિધ પ્રલોભનો આપવામાં આવતા હોવાનું આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતુ.

શણગાલ જિલ્લા પંચાયતની બેઠકમાં પુરૂષ મતદારોની સંખ્યામાં ૧૧૯૩૯ અને સ્ત્રી મતદારોની સંખ્યા ૧૧૦૦૧ મળી કુલ મતદારો ૨૨૯૪૦ છે. આ મતદારો માટે મતદાન કરવા ૩૬ મતદાન બુથોની વ્યવસ્થા કરવામાં આવી છે.

# પ્રાંતિજ નગરપાલિકાની બેદરકારી આઠ દિવસથી ઢબુનગર રબારી વિસ્તારમાં પીવાનું પાણી મળતુ નથી





પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લા પ્રાંતિજ ખાતે ઢબુનગર વિસ્તારમાં પીવાનું પાણી છેલ્લા આઠ દિવસથી મળતુ નથી અને પાઈપલાઈન ટુટી જતા પાણી વેડફાય છે અને પાણી રહિશોના ઘરોમાં ગુસ્યુ છે.

પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ ઢબુનગરમાં છેલ્લા આઠ દિવસથી પીવાના પાણીની લાઈન ટુટી જતાં ત્યાં આવેલા રહેણાંક વિસ્તારમાં લોકોને પીવાના પાણી માટે વલખા મારવા પડે છે. તો બીજી બાજુ પાણીની પાઈપલાઈનનું લીકેજ થતા પાણી વેસ્ટ થઈ રહ્યું છે અને રહિશોના ઘરોમાં એકથી દોડ ફૂટ પાણી ઘુસી જતા રહીશોની મુશ્કેલીઓમાં વધારો થયો છે. અને ઉંઘ હરામ થઈ ગઈ છે. તંત્રમાં રજુઆત કરવા છતાં કોઈ કાર્યવાહી હાથ ધરવામાં ન આવતા રહીશોમાં રોષ જોવા મળ્યો છે. ત્યારે સ્થાનિક રહિશોનું કહેવું છે કે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે યોગ્ય નિકાલ લાવી તેમને પીવાના પાણીની સુવિધા મળી રહે તેવું જણાવી રહ્યા છે. તંત્ર દ્વારા હોતા હૈ ચલતા હૈ ની સ્થિતિ હોય તેવું હાલ તો સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

## કાશ્મીરમાં હિંસા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવ્યા છે. દરમિયાન કાશ્મીરમાં જ્યાં એક તરફ ભાગલાવાદી નેતાઓની પાકિસ્તાન તરફી નારાઓ લગાવવા બદલ નજર કેદ કરી દેવામાં આવ્યા છે તો બીજી તરફ સમગ્ર ઘાટી વિસ્તારમાં ઈન્ટરનેટ અને મોબાઈલ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. કાશ્મીરમાં શુક્રવારના રોજ હિઝબુલનો આતંકી બુરહાન વાની એક એકાઉન્ટરમાં માર્યો ગયો હતો. દક્ષિણ કાશ્મીરમાં આવેલા ત્રાલમાં હિઝબુલ કમાન્ડર બુરહાન મુઝફર વાનીની અંતિમ યાત્રા આજે કાઢવામાં આવી હતી જેમાં ૨૦૦૦૦થી પણ વધુ લોકો જોડાયા હતા. અંતિમ યાત્રા સમયે કાશ્મીરમાં અલગ અલગ સ્થળોએ હિંસાના બનાવો શરૂ થઈ ગયા હતા. વાનીની અંત્યોષ્ટિ સમયે ભાગલાવાદી નેતાઓએ વાનીની શહીદીનો બદલો લેવાની જાહેરાત કરતા ખીણ પ્રદેશમાં અલગ અલગ સ્થળોએ હિંસા ઉપર ટોળાઓ ઉતરી આવ્યા હતા. જેમાં ઉત્તરીય કાશ્મીરમાં બારામુલ્લા જિલ્લાના શિરી, ક્રિરી, બેલિના, પટ્ટમ અને પલહાલન વિસ્તારોમાં પથ્થરમારો કરવામાં આવ્યો હતો જ્યારે દક્ષિણ કાશ્મીરમાં અવંતીપુરાના બારસુ અને શરીફાબાદમાં પણ હિંસક દેખાવો કરવામાં આવ્યા છે. શ્રીનગર સહિત કાશ્મીરના અનેક ભાગોમાં કફર્યુનો અમલ શરૂ કરી દેવાયો છે. ઘાટીમાં વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને અમરનાથ યાત્રાને રોકી દેવામાં આવી છે. વાનીના મોત બાદ સમગ્ર ખીણ વિસ્તારમાં ભારે તણાવભરી પરિસ્થિતિ છે. અલગાંવવાદી નેતાઓ દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યા બાદ તેમજ બનેલા હિંસાના બનાવોને ધ્યાનમાં લઈ સમગ્ર કાશ્મીરમાં મોબાઈલ અને ઈન્ટરનેટ સેવાઓને બંધ કરી દેવામાં આવી છે.

## ખેડૂતોને અન્યાય

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્યમાં આવનારા સમયમાં એક વિશાળ રેલીનું આયોજન પણ કરવા અંગે તેમણે ઉલ્લેખ કર્યો હતો. દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલે આજે ગુજરાતી મુલાકાત દરમિયાન સભા સંબોધતાં કહ્યું કે, દાઉદ સાથે ફોન પર વાત કરતાં પ્રધાનો સામે કાર્યવાહી કરાતી નથી અને સમાજ માટે લડતાં યુવાન હાર્દિક પટેલ સામે રાજદ્રોહ જેવા ગુનાઓ લગાવી જેલભેગો કરવામાં આવે છે. ગુજરાતમાં ખેડુતોને અન્યાય થાય છે. અરવિંદ કેજરીવાલ આજે ગુજરાતની મુલાકાતે પોતાના પરિવાર સાથે આવ્યા હતા. તેમણે પરિવાર સાથે સોમનાથના દર્શન કર્યા અને પુજાનો લહાવો લીધો હતો. તેમણે આ મુલાકાતને રાજનૈતિક પ્રવાસ ન હોવાનું કહ્યું હતું. તેમણે રાજકોટમાં મીડિયા સાથે વાત કરતાં કહ્યું કે હું સોમનાથના દર્શન માટે આવ્યો છું, પહેલા સુરતમાં વેપારીઓને મળવાનું હતુ પરંતુ કોણ જાણે કેમ આનંદીબેનની સરકારે દબાણ કરીને મારી આ મીટીંગને રદ કરાવી દીધી હતી. હવે હું સોમનાથના દર્શન કરીશ અને પછી સવારે દિલ્હી જતો રહીશ. ઉપરાંત કેજરીવાલે સભા સંબોધતા સમયે પાટીદાર કાર્ડ ફેંક્યુ હતું. તેમણે પાટીદાર નેતા હાર્દિક પટેલને જામીન મળ્યા તે માટે ખુશી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિક પટેલ પર રાજદ્રોહનો કેસ લગાવાયો, મહિલાઓને પણ જેલમાં પુરી દેવાઈ હતી આવો અન્યાય ગુજરાતમાં કેમ થઈ રહ્યો છે. ગુજરાતમાં ખેડુતોને અન્યાય થઈ રહ્યો હોવાનું પણ તેમણે કહ્યું હતું. તેમના ગુજરાત પ્રવાસ દરમ્યાન આમ આદમી પાર્ટીના કાર્યકરોએઐ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. તેઓ જ્યારે સોમનાથ દર્શન કરવા પહોંચ્યા ત્યારે મીડીયાને મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા અંદર જવા પર નનૈયો ભણવામાં આવ્યો હતો. કેજરીવાલના પિતાનું કહેવું હતુ કે, તેઓ જ્યારે કોલેજમાં અભ્યાસ કરતાં હતા ત્યારે તેઓ સોમનાથ દર્શન માટે આવ્યા હતા. જોકે, ગુજરાતમાં કેજરીવાલના પ્રવાસને લઈને થતી રાજનીતી પર તેમનું કહેવું હતું કે, અહીં આવવા ઈચ્છતા વ્યક્તિને આવવા દેવા જોઈએ. ત્યાં કેજરીવાલની પત્નીએ કહ્યું કે, તેઓ જ્યોતિલિંગના દર્શન માટે આવ્યા છે. જો કે ભલે કેજરીવાલ કહ્યું હોય કે તેઓનો આ પ્રવાસની દ્રષ્ટિથી જોવાઈ રહ્યો છે. કારણ કે જે રીતે ગુજરાતની વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે તેવા સમયે તેમનો આ પ્રવાસ તરીકે જોવાય તેવું દર્શાવી રહ્યા છે. ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલનના કારણે બીજેપી નબળી પડી છે. તેવું માનવામાં આવી રહ્યું છે કે તેનો રાજનૈતિક ફાયદો કેજરીવાલ પોતાના આ એક દિવસના પ્રવાસમાં ઉઠાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. દરમિયાન આગામી સમયમાં રાજ્યમાં એક વિશાળ રેલીનું આયોજન હોવાનું કેજરીવાલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ચીખલી નજીકથી એટીએસે ડ્રગ્ઝના જથ્થા સાથે ત્રણ ઝડપાયા

અમદાવાદ, તા. ૯

નવસારી જિલ્લાના ચીખલી નજીકથી ગુજરાત એટીએસે ક્રિસ્ટલ મેથ નામના ડ્રગના જથ્થા સાથે ત્રણ વ્યક્તિઓને ઝડપી પાડતા ડ્રગ માફીયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

એટીએસના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મુંબઈથી ડ્રગ આવી રહ્યું હોવાની મળેલી બાતમીના આધારે ગુજરાત એટીએસની ટીમે વોચ ગોઠવીને નવસારીના ચીખલી નજીક મુંબઈથી આવેલા ડ્રગના જથ્થાની ડીલવરી લેતા ત્રણ વ્યક્તિઓને ડ્રગના જથ્થા સાથે ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ મુંબઈથી આવી રહેલ આ ડ્રગનો જથ્થો નવસારી પહોંચાડવાનો હતો. ક્રિસ્ટલ મેથ નામું આ ડ્રગ ક્લબ પાર્ટી ડ્રગ હોવાનું બહાર આવ્યું છે. પકડવામાં આવેલ આ ડ્રગની બજાર કિંમત એક કરોડની આસપાસ હોવાનો અંદાજ છે.

## હિંમતનગરમાં જૈન બાળકો માટે સ્પર્ધાત્મક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના જૈન સોશ્યલ ગૃપ સંચાલિત સંગિની ફોરમ દ્વારા શુક્રવારે રાત્રે હિંમતનગરના ટાઉન હોલ ખાતે જૈન સમાજના બાળકો માટે સ્પર્ધાત્મક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જે પ્રસંગે પૂર્વ ગૃહ રાજ્ય મંત્રી પ્રફુલ્લ પટેલ, સી.સી.શેઠ, નિલાબેન પટેલ, બંટીભાઈ મહેતા, હેતલ મહેતા, શુચિ શાહ અને પુજા મહેતાની ઉપસ્થિતિમાં બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરાયા હતા.

## અમદાવાદ શહેરમાં ફરીવખત મીની બસ દોડાવવા નિર્ણય કરાયો

અમદાવાદ, તા.૯

શહેરમાં વર્ષો અગાઉ મિનિ બસ દોડાવવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા પરંતુ ખોટ સહન કર્યા બાદ આ બસો બંધ કરી દેવામાં આવી હતી. ફરી એકવખત તંત્ર દ્વારા શહેરના ટ્રાફિકથી ગીચ વિસ્તારોમાં મિનિ બસ દોડાવવા નિર્ણય કરાયો છે. લાંબા સમયગાળા બાદ અમદાવાદમાં મિનિ બસ ફરતી થવાની છે. અગાઉ મિનિ બસનો પ્રયોગ બેથી ત્રણ વાર નિષ્ફળ નિવડ્યો છે. તેમ છતાં એએમટીએસના સત્તાવાળાઓ આ વખતે નવી ટેકનોલોજી યુક્ત મિની બસ હોવાનો દાવો કરીને પુન : નવી ગિલ્લી નવો દાવ ખેલવાની દિશામાં ચક્ર ગતિમાન કર્યા છે. તંત્રે આઠ બસ ખરીદી હોઈ અગામી નવરાત્રૌત્સવ સુધીમાં શહેરના રસ્તાઓ પર તમામ આઠે આઠ બસ દોડતી થઈ જશે. એએમટીએસનાં ટોચનાં વર્તુળો કહે છે, આશરે રૂ. ૧૧ લાખની એક એવી આઠ મિની બસ તંત્ર દ્વારા ખરીદાઈ છે. હાલમાં ચેસિસ બાંધવાની કામગીરી હાથ ધરાઈ છે, જે બે મહિનામાં પુરી થવાની હોઈ નવરાત્રી ઉત્સવની આસપાસ આઠેય મિનિ બસ ઉતારુઓને ઉપયોગી થશે. આ મિની બસમાં ૧૭ ઉતારુઓ માટેની બેઠક વ્યવસ્થા છે અને ૧૮ ઉતારુઓ ઊભા રહી શકશે આમ કુલ ૩૫ ઉતારુઓની ક્ષમતા ધરાવતી મિની બસ ખાસ કરીને શહેરના સાંકડા રસ્તા પર દોડાવાશે શહેરના ગીચ વિસ્તારોમાં રહેતા લોકોને એએમટીએસ બસ સેવાના લાભ આપવા મિની બસ દોડાવવાનો પ્રયોગ પુન : અજમાવાશે. યુરો ચાર પ્રકારનું આધુનિક એન્જિન ધરાવતી આ મિની બસ નિષ્ફળ નીવડે તેવી શક્યતા નહીંવત હોવાનું જણાવતા આ ટોચના વર્તુળો વધુમાં ઉમેરે છે કે, નવી મિની બસ અગાઉની મિની બસની જેમ ગરમ પણ થશે નહીં.



## હાર્દિકને જામીન મળી જતા અરજણવાવ નજીક પાટીદાર અગ્રણીઓ દ્વારા ફટાકડા ફોડી આનંદોત્સવ મનાવ્યો

હાઈકોર્ટ દ્વારા પાટીદાર નેતા હાર્દિક પટેલને જામીન મુક્ત કરવામાં આવતા તેને પગલે અરવલ્લી જિલ્લા પાટીદાર સમાજમાં આનંદની લાગણી ફેલાઈ હતી તેમજ આનંદોલ્લાસ સાથે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના અરજણવાવ ગામ નજીક પાટીદારો દ્વારા ફટાકડા ફોડી, ગુલાલ ઉડાડી આનંદ વ્યક્ત કરાયો હતો. હવે આગામી દિવસોમાં બિહારના સાંસદો રાજ્યની મુલાકાતે આવનાર છે અને આંદોલન વેગવંતુ બનશે તેવી પ્રતિક્રિયા વ્યક્ત થઈ હતી. અરજણવાવ ગામમાં પાટીદાર યુવાનો, અગ્રણીઓ એકત્રીત થઈ 'જય સરદાર જય પાટીદાર'ના નારાઓ લગાવી હાર્દિકને મળેલા જામીનને વધાવી લેવામાં આવ્યા હતા. હાર્દિક પટેલનો લાંબા સમયના જેલવાસ બાદ જામીન પર છૂટકારો થયો છે ત્યારે આગામી દિવસોમાં અનામત આંદોલન પુનઃ વેગ પકડવાની આશાઓ વચ્ચે સમગ્ર પાટીદાર માટે હાર્દિકનો જેલવાસ સદાય પાટીદાર સમાજના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાઈ ગયો હોવાનું જણાવી અરજણવાવના પાટીદારો પણ સમાજ માટે છેક સુધી લડી લેવાની તૈયારી હોવાનું જણાવી હાર્દિક પટેલ જ્યારે વિધિવત રીતે ઘરે પરત ફરશે ત્યારે સમગ્ર પાટીદાર સમાજના લોકો દિવાળીની જેમ ચોક્કસ પણે ઉજવવામાં આવશે તેમજ સમાજના હિતરક્ષને સંપૂર્ણ ટેકો આપવામાં આવશે તેવું એકીસૂરે જણાવ્યું છે.

# હિંમતનગરમાં કોંગ્રેસ દ્વારા મોઘવારી સહિત વિવિધ મુદ્દે ધરણા યોજાયા

હિંમતનગર, તા. ૯

ભાજપ સરકાર દ્વારા કરોડોના કૌભાંડો આચરીને પ્રજાને ગેર માર્ગે દોરવામાં આવી છે અને ખોટા વચનો આપી ગુમરાહ કરતા સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ દ્વારા શનિવારે હિંમતનગર, પ્રાંતિજ, વડાલીમાં કોંગ્રેસના કાર્યકરો દ્વારા ધરણાના કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.

હિંમતનગરના ટાવર ચોક ખાતે યોજાયેલ ધરણાના કાર્યક્રમમાં જીલ્લા કોંગ્રેસ પ્રમુખ ડૉ. વિપુલ પટેલ, ગોપાલસિંહ રાઠોડ, રણજીતસિંહ સોલંકી, મનિષભાઈ ભાલોડીયા, અમિત પટેલ સહિત કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહી મોંઘવારી, તલાટી ભરતી કૌભાંડ સહિત અન્ય મુદ્દે સુત્રોચ્ચાર કર્યા હતા.

પ્રાંતિજના ભાખરીયા બસ સ્ટેન્ડ ખાતે શનિવારે પ્રાંતિજ-તલોદ કોંગ્રેસ સમિતિ દ્વારા ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની આગેવાની હેઠળ મોઘવારીને મુદ્દે ધરણાના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં રેખાબેન દક્ષાબેન, મણીભાઈ પટેલ, રામસિંહ, મિલકતસિંહ રાઠોડ, મહાવીરસિંહ રાઠોડ સહિત બંને તાલુકાના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

વડાલી તાલુકા કોંગ્રેસ દ્વારા ભાજપના કૌભાંડોના વિરોધમાં શનિવારે બસ સ્ટેન્ડ આગળ ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જે પ્રસંગે જીલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવત, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, રામભાઈ સોલંકી, અજીતસિંહ રાઠોડ, સુમિત્રાબેન પટેલ, ભુપેન્દ્રસિંહ દેવડા, ચેતનાભાઈ પટેલ સહિતના અન્ય કાર્યકરોએ ઉપસ્થિત રહી ભાજપના કૌભાંડોના વિરોધમાં સુત્રોચ્ચાર કરી વિરોધ દર્શાવ્યો હતો.

તલોદ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા શનિવારે ટાવર ચોક ખાતે ધરણાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે વિનુભાઈ પટેલ, અંબાલાલ પટેલ, અભેસિંહ ઝાલા, મંગુભા ઝાલા, રાજુભાઈ રાવલ સહિત અન્ય કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



હિમતનગર બી-ડીવીઝન પોલીસે શુક્રવારે રાત્રે કિફાયતનગરના ત્રણ શખ્સોને ઝડપી લઈ પાંચ બાઈકો કબજે કરી છે. વાહન ચોરીની ઘટનાઓમાં સંડોવાયેલા ત્રણેય શખ્સોની પોલીસે અટકાયત કરી હજુ ૯ થી વધુ વાહનોની ચોરીનો ભેદ ઉકેલવા ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે ત્રણેયના રિમાન્ડ મેળવવા માટે તજવીજ શરૂ કરી છે.

# અમદાવાદમાં પ્રદૂષિત પાણી પીવાના લીધે બેના મોત નિપજ્યા

અમદાવાદ,તા. ૯

શહેરમાં છેલ્લા ૧૫ દિવસમાં અપૂરતા પ્રેશર તેમજ પ્રદૂષિત પાણી પીવાના કારણે બે યુવાનના મોત થયા હોવાનું આક્ષેપ શહેરના ધારાસભ્ય દ્વારા મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખીને કરવામાં આવ્યો છે. આ અંગેની વિગત એવી છે કે, શહેરના ધારાસભ્ય ગ્યાસુદીન શેખે કોટ વિસ્તાર જેમાં દરિયાપુરા, કાલુપુર, શાહપુર અને પટવાશેરી ખાતે છેલ્લા ઘણા સમયથી પ્રદૂષિત પાણી આવતું હોવા અંગેની સ્થાનિક રહીશો દ્વારા વારંવાર ફરિયાદો કરવામાં આવતી હોવા છતાં નિકાલ ન આવતો હોવાથી લોકોને પ્રદૂષિત પાણી પીવુ પડે છે. જેને લઈને પટવા શેરીમાં રહેતા ફરહીનબાનુ અળેશનું ૨ ઉમી જૂનના રોજ કમળાના કારણે વીએસ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું છે. જ્યારે માધુપુરા વોર્ડમાં એબતખાનની ચાલી ખાતે રહેતા અલ્તમસ નામના ૧૮ વર્ષના યુવાનનું પણ કમળાના કારણે મોત થયું છે. તેમણે કમિશનરને પત્ર લખીને જણાવ્યું હતું કે, શહેરના અનેક વિસ્તારોમાં પાણી પુરતા પ્રેશરથી મળતું નથી. ડ્રેનેજ લાઈનો ઉભરાઈ રહી છે.

ડ્રેનેજ લાઈનની સાથે

### સંકલન સમિતિની બેઠક ૩ મહિનાથી બોલાવવામાં આવી નથી : શહેરમાં વહીવટી તંત્ર ખાડે ગયું હોવાનો આક્ષેપ

પીવાના પાણીની મુખ્ય લાઈનો પસાર થઈ રહી છે તેમ છતાં તે લાઈનોને અલગ કરવામાં આવતી નથી. સમયસર ડ્રેનેજ પંપિગ સ્ટેશનો ચાલુ થતાં નથી. સમગ્ર શહેરમાં ઝાડા ઉલ્ટી, કમળા અને મેલેરિયાના કેસો મોટા પ્રમાણમાં બની રહ્યા છે. આમ છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. સંકલન સમિતિની બેઠક સામાન્યરીતે દર મહિનાના છેલ્લા શનિવારના રોજ મળતી હોય છે પરંતુ ધારાસભ્ય દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે, છેલ્લા ત્રણ મહિનાથી સાંસદ સભ્યો અને ધારાસભ્યોની સંકલન સમિતિ બોલાવવામાં આવી નથી. આ પાછળ નગરી અને એલજી હોસ્પિટલમાં થયેલા અંધાપા કાંડને જવાબદાર ઠેરવી શકાય. વીએસ હોસ્પિટલમાં પુરતા પ્રમાણમાં વેન્ટિલેટર ન હોય દર્દીઓ સારવારના અભાવે મૃત્યુ પામે છે.